યુવા સંમેલનમાં ૪૫ યુવાનોએ રક્તદાન કર્યું

ગાંધીનગર શહેર ભાજપ યુવા મોરચા દ્વારા આજે યોજાયેલ વિજય વિશ્વાસ સંમેલન દરમિયાન રોટરી કલબ અને કેન્સર સોસાયટીના સહયોગથી યોજાયેલ રકતદાન કેમ્પમાં ૪૫થી વધુ યુવાનોએ રકતદાન કર્યું હતું. ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયેલ આ સંમેલનના પ્રારંભ પૂર્વે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. એક કલાક જેટલા સમયમાં જ આ યુવાનોએ રકતદાન માટે લાઈન લગાવી દીધી હતી. રકતદાનના આ કાર્યક્રમને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી રૂપાલાએ બિરદાવ્યો હતો. તેમણે રકતદાતાઓને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી ઉપેન પટેલ અને તેમની ટીમે સારી જહેમત ઉઠાવી હતી. સાંજે સાત વાગ્યા સુધી રકતદાન કેમ્પ ચાલ્યો હતો. (તસવીર : દિપક જાની)

કેનાલમાં ડુબી રહેલા પ્રેમી યુગલને જીવના જોખમે કોન્સ્ટેબલે બચાવ્યા

મોતના મ્હોમાં ઘુસી ગયેલા યુગલની બુમો સાંભળીને સી.એમ. બંદોબસ્તમાં તૈનાત જવાન દોડ્યા : પટ્ટો પકડાવીને બચાવવા જતા એકવાર જવાન પણ લપસ્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં રહેતું પ્રેમી યુગલ નાસીપાસ થઈને મોડી સાંજના અંધારામાં નભોઈ કેનાલે પહોંચી ગયું હતું અને કેનાલના પાણીમાં ઝંપલાવી દેતા બન્નેના બચાવો... બચાવો... ના અવાજ સાંભળી હાઈવે પર સી.એમ. બંદોબસ્તમાં ઉભેલા અડાલજ પોલીસમથકનો કોન્સ્ટેબલ સ્થળ પર દોડી આવ્યો હતો અને પોતાનો કમરપટ્ટો કાઢીને કેનાલના ઢાળ પાસે કિનારીએ જઈ જીવના જોખમે બન્નેને બચાવી દઈ પ્રસંશનીય કામગીરી કરી હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. આપઘાતનો પ્રયાસ કરનાર યુવક-યુવતીના વાલીને પોલીસ સ્ટેશન બોલાવીને નિવેદન લઈ બન્નેને પરીવારજનોને સોંપ્યા ત્યારે ભીની આંખે બન્નેના વાલીઓ નવું જીવન અર્પણ કરનાર કોન્સ્ટેબલનો આભાર વ્યક્ત કરતાં થાકતા ન હતા.

શહેરના સેક્ટર-૧૩માં રહેતી અને એન્જીનીયરીંગના બીજા સેમીસ્ટરમાં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય યુવતીને તેના પડોશમાં રહેતા ૨૨ વર્ષીય યુવક સાથે પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો. યુવકના ઘરે સૌ બન્નેના લગ્ન માટે રાજી થઈ ગયા હતા પરંતુ યુવતીના પરિવારજનો આ બાબતે નાખુશ હતા. આખરે પહેલાનો પ્રેમસંબંધ, લગ્નમાં પરીણમશે નહીં તેવું માની લઈને નાસીપાસ થઈ જઈને પ્રેમીયુગલે એક સાથે મૃત્યુને ભેટી લેવાની મનોમન ગાંઠ બાંધી લીધી અને ગઈકાલે મોડી સાંજે અંધારામાં નભોઈ નર્મદા

કેનાલમાં પહોંચી ગયા હતા. બન્નેએ એક સાથે કેનાલમાં ઝંપલાવી દીધુ અને કેનાલમાં ડુબવા લાગતા બુમાબુમ શરૂ થઈ ગઈ હતી. આ બુમો અને ચીસો સાંભળીને નભોઈ પાસેના હાઈવે પર સી.એમ. બંદોબસ્ત માટે ઉભેલો અડાલજ પોલીસ મથકનો કોન્સ્ટેબલ અલ્પેશસિંહ રતનસિંહ સ્થળ પર દોડી ગયો હતો. ત્યાં જઈને જોયું તો યુવક-યુવતી પાણીથી છલકાઈ રહેલી કેનાલમાં ડુબી રહ્યા હતા. ડુબતાને બચાવવામાં કોઈ પણ પ્રકારની સવલત વિના પ્રયત્ન કરવો જીવના જોખમ ભર્યુંછે તે કોઈ વાતની પરવાહ કર્યા વગર કોન્સ્ટેબલ કેનાલનાં ઢાળમાં ઉતરી ગયો અને પોતાનો પટ્ટો કાઢી બન્નેને ધરી દીધો. એક તરફ કેનાલમાં ભરચક પાણી, બીજી તરફ કેનાલનો ઢાળ અને તેમાં પણ લીલ તથા બચાવવાના સાધનમાં માત્ર બે-ત્રણ ફૂટ લંબાઈનો કમરપટ્ટો... તમામ જોખમ ખેડીને બન્નેને પટ્ટો પકડાવી દેનાર કોન્સ્ટેબલ એક વાર પોતે કેનાલમાં ગરકાવ થતા રહી ગયો પરંતુ એક નાનકડા ગાબડાના સહારે હાથ ફસાવી દઈ ડુબી રહેલા બન્ને પ્રેમી પંખીડાને કેનાલમાંથી બહાર કાઢી બચાવ કામગીરી કરી હતી. કોન્સ્ટેબલના આ કામથી ખુશ થઈ પી.આઈ. એસ.જી. પરમારે પણ ફુલ નહી તો ફુલની પાંખડી સ્વરૂપે પ્રસંશા ભેટ આપીને પીઠ થાબડી હતી. તો બીજી તરફ પોતાના જુવાન જોધ દીકરા-દીકરીને મોતનાંમ્હોમાંથી પાછા લાવવા બદલ પ્રેમીયુગલના પરીવારજનોએપણ કોન્સ્ટેબલને આભાર વ્યક્ત કરીને સલામ મારી હતી.

આજે આરોગ્ય ગ્રંથનો લોકાર્પણ સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ચેરીટેબલ સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'નિરોગી શતાયુ જીવો' નામના આરોગ્ય વિષયક ગ્રંથનો લોકાર્પણ સમારંભ આજે તા. ૧૦મી સપ્ટેમ્બર-૨૦૧૨ને સોમવારે બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ કલાકે રાજભવન, બેન્કવેટ હોલ ગાંધીનગર ખાતે યોજાશે.

'નિરોગી શતાયુ જીવો' ગ્રંથના લોકાર્પણ સમારંભ પ્રસંગે આદરણીય મહામહિમ રાજ્યપાલ ડૉ. કમલાજી બેનીવાલ ખાસ ઉપસ્થિત રહી ગ્રંથનું લોકાર્પણ કરશે. આરોગ્ય ગ્રંથ લોકાર્પણ સમારંભમાં સાહિત્યકાર અને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અતિથિ વિશેષ તરીકે હાજર રહી મનનીય પ્રવચન આપશે. ડૉ. વિનુભાઈ પટેલ લિખિત 'નિરોગી શતાયુ જીવો' ગ્રંથનો પરિચય સાહિત્યકાર ડૉ. બેહચરભાઈ આપશે. આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ કેળવણીકાર ડૉ. રવીન્દ્રભાઈ દવેએ ગ્રંથના આમુખમાં જણાવ્યા મુજબ 'આ પુસ્તક શિક્ષકો, તાલીમાર્થીઓ, આરોગ્ય કાર્યકરો, યુવાન, વડીલો તેમજ સામાન્ય જનતાને વિવિધ રીતે ઉપયોગી સાબિત થશે અને નવી સદીના સ્વાસ્થ્ય વિષયક પડકારને ઝીલવામાં સરકાર તેમજ સમાજને મદદરૂપ નિવડશે.

પેથાપુરમાં આનંદનો ગરબો ૧૧મીએ યોજાશે

પેથાપુરના નટુભાઈ દરજીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, મા અંબા મંડળ દ્વારા હેતલભાઈ અંબાલાલ સોની દરજીવાસ, મોટી બજાર, પેથાપુર ખાતે આવતીકાલે તા. ૧૧મી સપ્ટેમ્બર-૨૦૧૨ને મંગળવારે બપોરે ૨.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજવામાં આવશે. ભક્તજનોને આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા આયોજકો દ્વારા ખાસ જણાવાયું છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કારોબારી સભા તાજેતરમાં લવજીભાઈ વાડીઆના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં મૂળજીભાઈ પરમારે આપેલા રાજીનામાની મંજુરી આપી તેમની સેવાઓ બદલ આભાર માનતો પત્ર લખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

પાટનગરમાંના મહાનગર પાલિકાના મિલકત વેરા અંગેના વિસ્ફોટક પ્રશ્નો સંબંધમાં અધ્યક્ષ સ્થાનેથી બધાને અદ્યતન માહિતી આપવામાં આવી હતી. તેમાં એક ડઝન જેટલા કાનૂની અને ખૂબ ગંભીર વહીવટી અનિયમितતાના મુદ્દાઓ અંગેની વિગતો આપવામાં આવી હતી. સભામાં ચર્ચા-વિચારણામાં સક્રિય યોગદાન લવજીભાઈ વાડીઆ, રવીન્દ્રભાઈ દવે, જ્યોતીન્દ્રભાઈ દવે, જયંતભાઈ ભટ્ટ, રાજેન્દ્રભાઈ પારેખ વગેરેએ આપ્યું હતું.

ડીએસપી ઓફીસના પાર્કિંગમાં ડીસમીસ થયેલા કોન્સ્ટેબલનો આપઘાત

તંબુનું દોરડુ પાર્કિંગના શેડ સાથે બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ડી.એસ.પી. ઓફીસના પાર્કિંગમાં પતરાના શેડ નીચે સાતેક વર્ષ અગાઉ ડીસમીસ થઈ ગયેલા ૪૫ વર્ષીય પોલીસ કોન્સ્ટેબલે ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ડીસમીસ પોલીસ કોન્સ્ટેબલે કયાં કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પરંતુ તેની માનસિક સ્થિતિ નબળી હોવાનું જાણવા મળ્યું છે. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાત માટે ઉપયોગ કરેલું તંબુનું દોરડું કબ્જે લઈ તપાસ પી.એસ.આઈ. રાઠવાએ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સે. ૨૭માં સ્થિત ડી.એસ.પી. ઓફીસમાં જ વર્ષોથી રહેતા અને માનસિક બિમારીનો સામનો કરી રહેલા ૪૫ વર્ષીય દિલીપસિંહ લાલસિંહ ગઢવી છેલ્લા સાતેક વર્ષ અગાઉ ડીસમીસ થયેલા પોલીસ કોન્સ્ટેબલ હતા. દિલીપસિંહ ગઢવીએ ગઈકાલે મોડી સાંજે ડી.એસ.પી. કચેરીના પાર્કિંગમાં જ આપઘાત કરી લઈ મોતને વ્હાલુ કરી દેતા ચકચાર મચી જવા પામી છે. મોડી સાંજે એક તંબુમાંથી દોરડુ કાઢીને કચેરીના પાર્કિંગમાં શેડ પાસે જઈ હૂક સાથે દોરડુ બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. પોલીસને આ સંદર્ભે જાણ થતાં સે. ૨૧ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપઘાતનું કારણ જાણવા તજવીજ શરૂ કરી છે. સે. ૨૧ પી. એસ. આઈ. રાઠવાએ આપઘાતમાં વપરાયેલું દોરડુ કબ્જે લઈ તપાસ આરંભી છે. આ બનાવ અંગે જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેએ જણાવ્યુ હતુ કે મૃતદેહ પી.એમ. માટે મોકલી અપાયો છે. જેના રીપોર્ટ બાદ મૃત્યુનું કારણ સ્પષ્ટ થશે. જો કે પ્રાથમિક તપાસ બાદ પોલીસે આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ શરૂ કરી દીધી છે.

જલારામ મંદિર ખાતે રામાયણના ત્રિ દિવસીય સંગીતમય સમૂહ પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૯

જલારામ અન્નક્ષેત્રના રજત જયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે શ્રી જલિયાણ કૃપા પશુ ચિકિત્સા કેન્દ્ર(એનિમલ હેલ્પ લાઈન)ના લાભાર્થે શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૧૪ થી ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન શ્રી રામચરિત માનસના સંગીતમય સમૂહ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી જલારામ મંદિર, સેકટર-૨૯ ખાતે યોજાનાર આ આયોજનમાં પરમ વિદુષી, સુવિખ્યાતશ્રી રામકથાકાર સંત પ.પૂ. રમાબેન હરિયાણીની પાવન ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ રામાયણ ગાયક ભરતભાઈ સાધુ વિવિધ સુમધુર રાગોમાં પોતાના કલાવૃંદ સહ વિવિધ વાજિંત્રો સાથે શ્રીરામચરિત માનસનો સંપૂર્ણ પાઠ કરાવશે. આ આયોજનના મુખ્ય યજમાન તરીકે સુરેશભાઈ ભટ્ટ પરિવાર સેવા આપશે.

સવારના ૮ થી બપોરના ૧.૦૦ વાગ્યા સુધી અને બપોરએ ૩ તઈ ૭.૩૦ કલાક સુધી ચાલનારા રામચરિત માનસના સંગીતમય સમૂહ પાઠ દરમ્યાન શ્રી રામ જન્મ, શ્રી સીતારામ વિવાહ. શ્રી રામ રાજ્યાભિષેક જેવા વિવિધ પ્રસંગો પણ ધામધૂમથી ઉજવવામાં આવનાર છે.

ગાંધીનગર ખાતે અનેક સેવાભાવી સંસ્થાઓ વર્ષોથી કાર્યરત છે. જેમાં જલારામ સેવા સમાજનું આગવું નામ છે. શ્રી જલારામ સેવા સમાજ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમાં ૧૯૮૮થી જલારામ મંદિર ખાતે સવાર-સાંજ સદાવ્રત રોજ રોજ ચલાવવામાં આવે છે જેમાં સવાર સાંજ મળીને ૧૦૦થી ૧૫૦ જેટલા વ્યક્તિઓને આદર અને સન્માન સાથે કોઈપણ જાતના જ્ઞાતિ કે સંપ્રદાયના ભેદભાવ વગર ભોજન આપવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા જરૂરીયાતમંદ લોકોને રાહત મળે તે હેતુથી એલોપથી તથા હોમિયોપેથીના દર્દીઓને સંસ્થા દ્વારા તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે.

આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિની ખરી વિશેષતા તો એ છે કે, આ સંસ્થાએ માણસો માટે ચાલતી ૧૦૮ સરકારી યોજનાની જેમ ઈજાગ્રસ્ત તથા બિમાર અબોલ પશુ-પક્ષીની સારવાર માટે જલિયાણ કૃપા પશુ ચિકિત્સા કેન્દ્ર- એનિમલ હેલ્પલાઈન(૯૮૨૫૨ ૮૨૭૮૭) તા ૧૮-૧૧-૨૦૦૪થી ચાલુ કરવામાં આવેલ છે.

૧૪-૧૫-૧૬ દરમ્યાન યોજાનારા રામાયણ પાઠનો લાભ લેવા ધર્મપ્રેમી નાગરિકોને જાહેર નિમંત્રણ

દર ગુજરાતી મહિનાની સાતમે સ્થાનિક હોસ્પિટલ અને વૃદ્ધાશ્રમોમાં ફળ વિતરણ, દર ગુરૂવારે સીવિલ હોસ્પિટલમાં પ્રસુતા બહેનોને ખજૂર વિતરણ, અનેકવિધ તબીબી નિદાન કેમ્પો, અંત્યેષ્ટિના સામાનની નિઃશુલ્ક સુવિધા, સમાજના વૃદ્ધ નાગરિકોને વોકીંગ સ્ટીકનું નિઃશુલ્ક વિતરણ જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ આ સંસ્થાના પ્રમુખ અમૃતભાઈ ઠક્કર અને તેમના સાથીદારો દ્વારા આ સંસ્થા થકી કરવામાં આવે છે.

સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃતિઓને બિરદાવવા અને સંસ્થાને પ્રોત્સાહન મળે તે હેતુથી આયજિત કાર્યક્રમમાં ગાંધીનગરના નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે.

રાજપૂત સમાજ ભવન ખાતે ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચના સહયોગથી રવિવારે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર સેક્ટર-૧૬ અને ૧૭ના સરકારી દવાખાનાની લાલીયાવાડી

ગાંધીનગર, તા. ૯

રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં સેક્ટર-૧૭ અને ૧૬માં બન્ને સરકારી દવાખાના ચાલુ હોવા છતાં છેલ્લા પાંચ-છ મહિનાથી ડોક્ટર મુકવામાં આવતા નથી.

ગાંધીનગર સેક્ટર-૧૬ અને સેક્ટર-૧૭માં એક જ ડોક્ટર સવાર સાંજ હોય છે. છતાં પણ ડોક્ટર મુકવામાં આવતા નથી. હાલમાં વરસાદના કારણે સેક્ટરોમાં ઘણી જગ્યાએ પાણીના ખાબોચીયા ભરાઈ ગયા છે. જેના કારણે મચ્છરો વધી પડ્યા છે. અને મેલેરિયા જેવા રોગનો ઉપદ્રવ વધવાની દહેશત ઉભી થઈ છે. હાલમાં વાઈરલ રોગોનું પ્રમાણ વધી ગયું છે. દવાખાનામાં ખૂબ જ દર્દીઓ આવે છે અને ડોક્ટર નહીં હોવાના કારણે પાછા જતા રહેતા હોય છે. તાત્કાલિક ડોક્ટર નહીં મુકવામાં આવે તો બન્ને સેક્ટરોમાં રોગચાળાનો ભય ઉભો થશે. તે અટકાવવા માટે ગાંધીનગર સિવિલ સર્જનને અગાઉ વસાહતીઓએ જાણ કરી છે છતાં પણ ડોક્ટર મુકવામાં આવ્યા નથી.

સ્થાનિક વસાહતીઓને વારંવાર નાના બાળકો, વૃદ્ધોને દવાની જરૂરીયાત ઉભી થતી હોય છે ત્યારે તેઓ સેક્ટરના દવાખાનાનો આગ્રહ રાખી હોશે હોશે ત્યાં પહોંચે છે પણ ડોક્ટરની હાજરી ન હોવાથી દર્દીઓને ધક્કો ખાવો પડે છે. નિયત સમયમાં સારવાર મળતી ન હોવાથી ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને હાલાકી ભોગવવી પડે છે. તંત્ર આ બાબતે ગંભીરતા દાખવી જરૂરી પગલા ભરે તેવી સ્થાનિક જનોએ માંગણી કરી છે.

સે-૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં ફેન્સીંગ થતા દબાણો અદૃશ્ય

ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં પાર્કીંગની સમસ્યા હલ થઈ

ગાંધીનગર, તા.૯

સેકટર-૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં આખરે પાર્કિંગની જટિલ સમસ્યા હળવી થઈ છે. સેકટરમાં સ્થિત કોમર્શિયલ કોમ્પ્લેક્ષ સામે વન વિભાગની જમીન ફરતે ફેન્સીંગ કરી દેવાતા દબાણકર્તાઓને અન્યત્ર જવાની ફરજ પડી છે. જેના પરિણામે દિવસ દરમિયાન ધમધમતા આ વિસ્તારના સર્વિસ રોડ પર વાહન ચાલકોની અવરજવર પણ સરળ બની છે.

શહેરમાં વાહનોની સંખ્યા વધતા છેલ્લા કેટલાક સમયથી પાર્કિંગ પ્રોબ્લેમ મુખ્ય બન્યો છે. પાર્કિંગ સેન્સના અભાવે આડેધડ વાહનો ખડકાતા આમ નાગરિકોએ ઘણી વાર મુંઝવણભરી સ્થિતિમાં મુકાવું પડે છે. તંત્ર દ્વારા શહેરમાં વિવિધ સાત જગ્યાએ પાર્કિંગ પ્લેસ બનાવાયા છે. આ પૈકી સે-૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં પણ પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરંતુ ફૂટપાથને અડીને મીની ખાણીપીણી બજાર અસ્તિત્વમાં આવતા આ વિસ્તારમાં પાર્કિંગ સહિત ટ્રાફિકને લગતી સમસ્યા શિરદર્દ સમાન બની હતી. આવા સંજોગોમાં વન વિભાગની જગ્યામાં ફેન્સીંગ કરી દેવાતા લારી ગલ્લાના દબાણ કર્તાઓએ જગ્યા ખાલી કરવાની ફરજ પડી છે. જેથી આ વિસ્તારમાં પાર્કિંગની સમસ્યા પણ હલ થઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. શહેરના અન્ય સ્થળોએ પણ પાર્કિંગ પ્લેસ પર અડ્ડો ધરાવતા દબાણો દૂર થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૪૮

તાપમાન

મહત્તમ : ૨૭.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૭ ટકા ● સાંજે ૯૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૦.૦૦, ૯.૩૦
જોકર : ૧૨.૩૦, ૨.૩૦, ૭.૧૫ ● એક થા ટાઈગર : ૪.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૩.૪૫
જોકર : ૭.૦૦ ● એક થા ટાઈગર : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ચલ પિકચર બના તે હૈ : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧.૦૦, ૧૦.૧૫
રાઝ -૩ : ૫.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૬.૦૦
રીવાયત : ૮.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઝ -૩ (૩ડી) : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧૨.૪૫,૫.૪૫, ૧૦.૧૫
જોકર : ૮.૧૫
: સ્ક્રીન-૩ :
રાઝ -૩ (૨ડી) : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ (૨ડી) : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
જોકર : ૧૨.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૫.૦૦

સૂર્યા, વાવોલ

રાઝ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કેમ કરી જાઉ પરદેશ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ટોટલ રીકૉલ : ૧૦.૪૫, ૭.૩૦, ૯.૪૫
નિલકંઠ : ૧.૩૦, ૪.૩૦
: સ્ક્રીન-૩ :
જોકર : ૧૦.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રાઝ-૩ : ૧૨.૧૫, ૩.૧૫

વિરાગ, કલોલ

રાઝ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અધિક ભાદરવા (પુરૂષોત્તમ) માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં રાજભોગમાં નંદમહોત્સ ઉજવાશે.

આપની આજ

મેષ : આજે કૌટુંબિક શુભ કાર્યોનું આયોજન થઈ શકશે. આર્થિક સંસ્યાઓ પર કાર્ય થઈ શકે છે. સંતાન પક્ષ, મનોરંજન સંબંધી કાર્ય થશે. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

વૃષભ : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે કાર્યોમાં સમયનો વ્યય ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કર્ક : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

સિંહ : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કન્યા : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

તુલા : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

વૃશ્ચિક : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ધન : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

મકર : વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

કુંભ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

મીન : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. જશીબેન જયંતિલાલ રાઠોડ(ઉ.વ.૭૦) પ્લોટ નં. ૧૧૯૨/૨, સેકટર-૪/બી, ગાંધીનગર.
- સ્વ. કમળાબેન લાભશંકર મહેતા(ઉ.વ.૮૫) પ્લોટ નં. ૫૭/૨, સેકટર-૩/એ, ગાંધીનગર.
- સ્વ. મોવજી ખોડાજી ઠાકોર(ઉ.વ.૭૦) મુ.પો. અણખોલ, તા. કડી., જિ.મહેસાણા.
- સ્વ. દિલીપસિંઘ લાલસિંઘ ગઢવી(ઉ.વ.૪૫) મુ.પો. હેબતપુર, તા. હસાડા, જિ. સુરેન્દ્રનગર.
- સ્વ. કેશીબેન બાબુજી જાદવ(ઉ.વ.૭૫) મુ.પો. જેઠીપુરા, તા., જિ. ગાંધીનગર.